

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામે નવા બજારમાં રામદેવપીરનું મંદિર આવેલું છે. જયાં તાજેતરમાં તુલસીદાસ તથા સુખદેવાનંદજી મહારાજના સાનિધ્યમાં યજ્ઞ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા અને દર્શન મહાપ્રસાદનો લાભ લીધો હતો. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

# મતદારયાદી સુધારણા ટીમનુ ભોપાળુ : પાલનપુરમાં મતદારો રખડી પડ્યા : ભાજપ-કોંગ્રેસ દ્વારા બોગસ વોટિંગના પ્રયાસ

પાલનપુર, તા. ૧

સમગ્ર દેશમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે કેન્દ્રસ્થ તથા રાજ્ય કક્ષાના ચૂંટણી આયોગ દ્વારા લાખોની જાહેરાતો આપીને મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે, ત્યારે વર્તમાનમાં લોકસભાની ચૂંટણીઓમાં મતદાતાઓના નામ, માન્ય મતદાર યાદીમાં ન હોવાના એક માત્ર કારણસર મતદાતાઓને તેમના ચૂંટણી ઓળખ પત્ર અને હયાતી હોવા છતાં મતદાન કરવા દેવામાં આવ્યું ન હોવાના અનેક કિસ્સા તા. ૩૦-૪-૨૦૧૪ના બુધવારે પાલનપુરમાં બનવા પામ્યા છે. આ બાબતે પાલનપુરના ભાગ નં. ૧૦૮ મતદાનથી વંચિત રહેલા અનેક નાગરિકોએ ચૂંટણી પંચની જડ વ્યવસ્થા સાથે આક્રોશ અને હતાશાની લાગણી વ્યક્ત કરી હતી. કેટલાક જાગૃત શિક્ષિત મતદાતાઓ આ બાબતે કોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આવા જ કારણસર મુંબઈમાં દોઢેક લાખ મતદારો રખડી પડ્યા હતા.

મતદારયાદી સુધારણા માટે નિયુક્ત ટીમ, જ્યારે લોકોમાં ઘેર ઘેર ફરીને મતદાર યાદીની ચકાસણી કરવા જાય છે, ત્યારે કેટલીકવાર કેટલાક ઘર બંધ હોવાથી, આ ટીમ એટલા મતદારો જાણે મરી ગયા હોય તે રીતે ઘરના સભ્યોના નામ સામે ચોકડી મારી દેતા હોય છે. આવા ચોકડી મરાયેલા મતદાતાઓની ઓનલાઈન મતદારયાદીની તપાસ કરતાં તેમના નામ પર 'ડિલિટેડ'નો સિક્કો મારી દેવાયેલો દેખાય છે. આવા 'ડિલિટેડ' મતદાતાઓના નામની 'વોટર સ્લીપ' તૈયાર કરી તેમના ઘર વિતરણ કરવામાં આવતી નથી. મતદાન મથકે આવા જીવતા મતદાતાઓનો પોતાના ચૂંટણી ઓળખ પત્ર લઈને જાય, તો ત્યાં તેમને જડતાપૂર્વક જણાવી દેવામાં આવે છે કે 'મતદાર યાદીમાં તમે માન્ય નથી' એટલે મત નહી આપી શકો.' લો કર લો બાત આ ઉપરાંત મતદાર યાદી સુધારણા ટીમ બેદરકારીથી જે લોકો ઘર બદલી ગયા હોય તો પણ તેમના નામ તે વિસ્તારની મતદારયાદીમાં બોલતા હોય છે. ચૂંટણી આયોગે આવી બાબતોમાં સત્વરે આવા રખડી પડેલા મતદાતાઓ માટે મતદાન કરી શકે તેવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે. પાલનપુરમાં આ બાબતે 'ઓન લાઈન ગુજરાત ચૂંટણી આયોગ' તથા જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ એક નાગરિક અને એક પત્રકારે ફરિયાદ નોંધાવી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

પાલનપુરમાં આ ઉપરાંત સવારે ગોકળગાય ગતિએ ચાલુ થયેલા મતદાનમાં પાવર હાઉસ બુથમાં કોઈ રાજકીય એજન્ટ લોકોને આડકતરી રીતે કમળ પર બટન દબાવવા દબાણ કરીને બોગસ મતદાન કરાવતો હોવાની લોકોમાં ફરિયાદ ઉઠવા પામી છે. આ જ પ્રકારના એક અન્ય કિસ્સામાં કમાલપુરામાં મતદાન કરવા ગયેલી એક વૃદ્ધાને કોઈ એજન્ટે કમળનું બટન દબાવવા દબાણ કર્યુ હોવાના પગલે તે બૂથ પર થોડીવાર હોબાળો મચ્યો હોવાનો અહેવાલ છે.

આવા પ્રસંગો જોતા લાગે છે કે આ ચૂંટણીમાં બલિબાહુ નાગની પાંશેરી ભારે કહેવત સાચી પડશે. ભાજપના એજન્ટો અને સાહેબના દબાણ તથા પ્રભાવ નીચે આવીને કેટલા બુથ પોલિંગ અધિકારીઓ બોગસ મતદાન કરાવવાના હીન પ્રયત્નો કરીને સમગ્ર ચંટણી પ્રક્રિયા અને લોકશાહીને કલંક લગાડવામાં પાછી પાની કરતા નથી.

# ભિલોડા પંથકમાં બળદોનો મેળો ભરાયો

## જાતવાન બળદોને લેવા ખેડુતો દુર-દુરથી આવે છે





તસવીર : હરેશ ત્રિવેદી, ભિલોડા

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તે છેલ્લા પંદર વર્ષથી જાતવાન કાંકરેજી નસલના મનગમતા બળદોનો મેળો ભરાય છે.વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ જાતવાન બળદોનો મેળો ભરાયો છે.બનાસકાંઠા જીલ્લાના થરાદ, ડીસા, ધાનેરા, રાણીવાડા, સાંચોરની આજુબાજુના એરીયામાંથી જાતવાન બળદો લાવી વણઝારા જ્ઞાતિના બળદના વેપારી ધર્માજી ઉદાજી વણઝારા,ભેમાજી ધર્માજી વણઝારા,જીવાજી ઉદાજી વણઝારા(મુખી), મોંઘીજી દુર્ગાજી વણઝારા,નાથાજી દેવાજી વણઝારા,સીઘાજી પ્રેમાજી વણઝારા સહિત ૨૫ જેટલા વણઝારા જ્ઞાતિના વેપારીઓ જાતવાન બળદનો વેપાર કરે છે. ધોલવાણીના ત્રણ રસ્તે બળદ જોવા અને ખરીદવા ખેડુતો દુર-દુરથી આવે છે.જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ એક બળદની જોડ રૂ.૨૫,૦૦૦/- થી માંડીને રૂ.૪૫૦૦૦/-સુધીનો ભાવ એક જોડનો બોલાય છે.ફક્ત એક રૂપિયાનું બાનુ ક્યાં તો રૂ.૧૦૧/- નું બાનું લઈ ૧૦ દિવસના વાયદે બળદ આપે છે તેમ પણ જાણવા મળ્યું છે.તેમજ આ સ્થળે ટેમ્પા અને ડાલા જીપ માલીકો સવાર સાંજ બેઠી પથારી બેઠા છે.બળદની જોડ નક્કી થતાંની સાથે જ સામે થી આવી પુછે છે? ક્યા ગામ જવું છે.સાધન તરત જ નક્કી.બળદોના મેળામાં ખેડુતો,બળદ અને બળદોના વેપારીઓ તસ્વીરમાં દષ્ટીગોચર થાય છે.

# પાલનપુર સહિત જિલ્લાભરમાં ચુંટણી ઉત્સવ બની : વડીલો-યુવા વર્ગે મત આપ્યો

પાલનપુર, તા.૧

લોકસભાની યોજાયેલી ચુંટણીમાં બનાસકાંઠાવાસીઓએ કાળઝાળ ગરમીના ૪૩ ડીગ્રી પારા વચ્ચે અભૂતપૂર્વ મતદાન કરી ચુંટણીને ઉત્સવ બનાવી ઉત્સાહભેર મતના ઈવીએમના બટનો દબાવી મતદાન કર્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જેમાં જિલ્લા કલેકટર મહેન્દ્ર પટેલ, એ.પી. અશોક યાદવ, આપના ઉમેદવાર સંજય રાવલે પાલનપુર શહેરમાં મતદારો સાથે મતદાન કર્યું હતું. જયારે ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરીએ જગાણા ખાતે પાટણ લોકસભા મત વિસ્તારના ઉમેદવારને મત આપ્યો હતો તો કોંગ્રેસના ઉમેદવાર જોઈતારામ પટેલે ધાનેરા તા.ના જડીયા ખાતે પોતાનો મત આપ્યો હતો.

ત્યારે શહેરના હાઈવેની સોસાયટીઓના કેટલાક મતદારોનું નામ યાદીમાંથી જ ગાયબ થઈ જતાં તેમણે મતદાન મથકેથી પરત ફરવું પડતા તેમણે ચુંટણીના અધિક્ષક સમક્ષ ઉગ્ર રજુઆત કરતાં તંત્ર પાસે તેનો કોઈ જવાબ નહોતો.

પાલનપુર મતવિસ્તારમાં મુસ્લિમ મતદારો તાજેતરમાં જ ચડોતર નજીક થયેલા 'ઈજતેમા' બાદ શહેરના મુસ્લિમ મતદારો ચુંટણીના અગાઉના બે દિવસોમાં દુર દુર જતાં તે તેમના પરીવારો સહિત મતદાનથી દૂર રહ્યા હતાં.

જિલ્લાના દિયોદર, દાંતીવાડા, ધાનેરા અને વાવ વિસ્તારમાં કેટલેક સ્થળે ઈવીએમ ખોટવાતા મતદારોનો સમય બગડયો હતો.

જયારે વાવ-થરાદ વિસ્તારમાં ચુંટણી દરમિયાન ભાજપ કોંગ્રેસ વચ્ચે ઉગ્ર ચડસાચડસી બાદ બંને પક્ષના કાર્યકરો વચ્ચે મારામારી થતાં સ્થાનિક સારવાર બાદ ગંભીર હાલત હોઈ આજે પાલનપુર સિવિલમાં ત્રણ જણાને લવાયા છે.

# પાલનપુરમાં બે માર્ગ અકસ્માત બે ના મોત : ચાર ઘાયલ



પાલનપુર પંથકમાં બે જુદા જુદા માર્ગ અકસ્માત થતા બે નિર્દોષોના કરૂણ મોત થયા છે. જ્યારે ચારને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ માર્ગ દુર્ઘટના પાલનપુર-અંબાજી માર્ગ પર મેરવાડા નજીક બની હતી. જેમાં પુરપાટ ઝડપે પસાર થતી ટાટાવાનના ચાલકે વાન પરનો કાબુ ગુમાવતા તુલસીભાઈ ડાહ્યાભાઈ પરમારનું કરૂણ મોત થયું હતું. જ્યારે પાલનપુર કુંભાસણ માર્ગ પર ખોડલા નજીક સ્કૂટર અને કાર અચાનક સામ-સામે અથડાતા અકસ્માતમાં સુરેશભાઈ ઘનાભાઈ પરમાર (ચંગવાડા)નું કરૂણ મોત નિપજ્યું હતું. ઉપરાંત બન્ને અકસ્માતમાં મળી કુલ ચાર મુસાફરો હરેશ ચાવડા, ગૌતમ ડાભી, પેથા પરમાર અને અન્ય એકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે તમામને સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઊંઝામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી : પ્રજામાં રોષ

ઊંઝા, તા. ૧

ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં છેલ્લા ઘણા વખતથી વધતી જતી ગુનાખોરીને અટકાવવામાં તેમજ મિલકત વિરૂદ્ધના અને અન્ય ગંભીર પ્રકારના નોંધાયેલ ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી જવા પામી છે.

છેલ્લા ઘણા સમયથી ઊંઝા તાલુકામાં પોલીસની નિષ્ક્રિયતા તેમજ વધતી જતી વસતિ અને ગુનાખોરીના વધતા પ્રમાણમાં પોલીસનું સંખ્યાબળ ઓછુ છે. જેથી લૂંટ, ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ, મંદિર ચોરીઓ, ઢોરચોરીઓ, અપહરણ, ઢગાઈ જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન આ વિસ્તારમાં મિલકત સંબંધી, સ્ત્રી સંબધી, શરીર સંબંધી કેટલાયે ગુનાઓ નોંધાયેલ છે. જેમાં મિલકત વિરૂદ્ધના નોંધાયેલ ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. મિલકત સંબંધી ગુનાઓમાં લોકોની લાખોની માલમત્તા ચોરાયેલ છે. આવા ગુનાઓને શોધવામાં, આરોપીઓને પકડવામાં તેમજ મુદ્દામાલ પરત મેળવવામાં પોલીસ તંત્ર સાવ નિષ્ફળ નિવડ્યું છે. આથી પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર વધી ગયેલ છે.

બીજુ આ વિસ્તારમાં દેશી વિદેશી દારૂ, જુગારના કેન્દ્રો, ક્રિકેટસટ્ટો, નશીલા પદાર્થોનું વેચાણ તથા અન્ય સમાજ વિરોધિ બદીઓને ડામવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડતાં આવી બદીઓનો વ્યાપ વધી ગયો હોવાનું કહેવાય છે. આ સાથે ટ્રાફિક નિયમન કરવામાં જાહેર રસ્તાઓ પરની અડચણો દૂર કરવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડ્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# ડીસાના દેવીપૂજક પરીવારની કરૂણ દાસ્તાન, દાત્તાઓને પહેલ કરવાની અપીલ

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર ના વતની અને હાલ ડીસા પરીવાર સાથે હવાઈ પીલ્લરની ઝુંપડપટ્ટીમાં રહે છે . આ પરીવારના મોભી તેમની



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પત્ની અને પુત્રને છોડીને ક્યાંક જતા રહ્યા છે. જેનો આજદીન સુધી કોઈપણ અતો પતો નથી. હાલ તેઓના પત્ની પીયર ખાતે તેમની માતા સાથે રહે છે. માતાની ઉંમર ૭૦ વર્ષની આસપાસ છે અને હાલ આ માતા અશક્ત પણ છે. તેઓ આમ પણ અંધ હોવાનું જાણવા મળેલ છે. તેઓને બે પુત્ર છે જેમાં એક પુત્ર તેઓના પરીવાર સાથે બહાર રહે છે અને એક પુત્ર થોડુ ઘણું કમાય છે. જે દવામાં વપરાય છે.

આ પરીવારના હાલમાં ડીસાના જલારામ અન્નક્ષેત્ર તરફથી ભોજન અને દવા વિનામુલ્યે પુરૂ પાડવામાં આવે છે. પરંતુ હાલમાં આ ઘર છોડીના જતા રહેલા પરીવારના મોભીની પત્ની તેઓની માતાની સેવા કરે, પુત્રની કે, પછી પોતાના પતીને શોધે..?. પોતાના પુત્રને બન્ને પગે લકવો છે. જેથી યોગ્ય ડૉક્ટરની સલાહ લઈને આ બાળકની જીંદગી કુમળી હોવાથી જો સમયસર દવા થાય તો આ બાળકની ભાવીની ચીંતા દુર થઈ શકે તેમ છે. આ બાળકને દવાખાને મુકવા માટે કેટલીય સંસ્થાવાળાઓ આવેલ પરંતુ હજુ સુધી કોઈ જ સંસ્થા દવા માટે લઈ ગયેલ નથી.

ડીસાના જલારામ ગૌશાળા તેમજ માનવતાનું કામ કરતા મહેશભાઈ ઉદેચાએ આ બીડુ ઝડપતા ડીસાના બુધ્ધીજીવી અને માનવતા વાદી માણસોનો સંપર્ક કરી રહ્યા છે. આ કુટુંબને સહાય કરવા ની ભાવના ધરાવતા વ્યક્તિઓએ મહેશભાઈ ઉદેચા ૯૯૦૪૧ ૪૯૧૬૩ ઉપર સંપર્ક કરી યથા શક્તિ મદદ કરવા અપીલ કરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન